# સ્વાધ્યાય પરિવાર ભાવગીત

## સ્વાધ્યાયમાં...!!!

છે ઘણા શ્લોકો લોકો મહાભારત અધ્યાયમાં,
આવે છે અનેરો આનંદ નાનકડા સ્વાધ્યાયમાં,
મસ્તી સાથે મળતા નાનકડા પરિવારમાં,
સ્તુતિને વાચા અપાય છે સ્વાધ્યાયમાં,
જ્ઞાનની સાથે થતી રમતની ગમ્મતમાં,
પ્રશ્નની પથારી છવાય છે સ્વાધ્યાયમાં,
'દાદા'એ પ્રેરિત કયા છે આપણને આ માર્ગે,
સત્યની સાથે પહેલ પડે છે સ્વાધ્યાયમાં,
વાતાવરણમાં પથરાતા અનેક પુષ્પોમાં,
ખુશ્બુની મહેફિલ જણાય છે આ સ્વાધ્યાયમાં.

Visit Website : https://www.PDFSeva.Net

# તે શીખવાડ્યું !!

મારા જીવનના પ્રણેતા...મારા રાહબર...
મારા હૃદય ને મંદિર કહેતા તે શીખવાડ્યું !!

માનવ માનવ વચ્ચે નું અંતર ઘટાડી...
દૈવી સંબંધ બાંધતા તે શીખવાડ્યું !!

દેહ ધારણ કર્યો હતો માત્ર માનવ નો...
'મનુષ્ય' બનતા તો તે શીખવાડ્યું !!

મફત લેવાની વૃત્તિ કાઢી ને...
અયાચક બનતા તે શીખવાડ્યું !!

રહું જીવન ભર આભારી ને કાર્ય કરતો રહું તારું...
કેમકે કૃતજ્ઞતા વ્યક્ત કરવાનું પણ તેજ શીખવાડ્યું !!

Visit Website : https://www.PDFSeva.Net

# કૃષ્ણ તારું કામ પડયું છે.

કૃષ્ણ તારું કામ પડયું છે...

આજે જીવન બધે સુમસામ પડયું છે.
આશાઓનાં કાને તારું નામ પડયું છે.
જ્ઞાન, વિજ્ઞાન અફળ તમામ પડયું છે.
તું આવ, હે કૃષ્ણ તારું કામ પડયું છે...

મંઝીલ બધી નિર્જીવ પડી છે.
સડકો સઘળી વિરાન પડી છે.
સાંભળ આ સંકટની ઘડી છે.
વગાડ, મીઠી તારી વાંસળી છે.
અણધાર્યું આંગણે અંજામ પડયું છે.
તું આવ, હે કૃષ્ણ તારું કામ પડયું છે...

શું અંત છે આ , કે કોઈ શરૂઆત થવાની??
દિવસ પુર્ણ થયો પરાણે, શું રાત જવાની?
મનસૂબા, સપના, ઘણી વાત કહેવાની,
અધૂરી છે હજી ઘણી મુલાકાત થવાની.
મહાભારતનું '' મહામારી '' નામ પડયું છે.
તું આવ હે કૃષ્ણ તારું કામ પડયું છે.

Visit Website : https://www.PDFSeva.Net

# મુક્તિ મળે કે ના મળે,મારે ભક્તિ તમારી કરવી છે.

મુક્તિ મળે કે ના મળે,
મારે ભક્તિ તમારી કરવી છે,
મેવા મળે કે ના મળે,
મારે સેવા તમારી કરવી છે....(૧) -મુક્તિ મળે કે ના મળે...

મારો કંઠ મધુરો ન હોય ભલે,
મારો સૂર બેસુરો હોય ભલે,
શબ્દો મળે કે ના મળે,
મારે કવિતા તમારી કરવી છે....(૨) -મુક્તિ મળે કે ના મળે...

હું પંથ તમારો છોડું નહી,
ને દૂર-દૂર ક્યાંયે દોડું નહી,
પુણ્ય મળે કે ના મળે,
મારે પૂજા તમારી કરવી છે....(3) -મુક્તિ મળે કે ના મળે...

આવે જીવન માં તડકા છાયાં,
સુખ દુઃખના પડે ત્યાં પડછાયા,
કાયા રહે કે ના રહે,
મારે માયા તમારી કરવી છે....(૪) -મુક્તિ મળે કે ના મળે...

જયારે અંત સમય મારો આવે પ્રભુ,
તમ રેહજો આ નયનો ની આગળ પ્રભુ,
શરણે તમારે આવીને મારે મુક્તિ આ જીવ ની કરવી...(૫) -મુક્તિ મળે કે ના મળે...

# સુગંધ ચારેકોર!

સુગંધ ચારેકોર ગયા જ્યાં , કાર્ય લઇને અમે ,
અમે પૂમડાં તમે જ અત્તર , સાચું એ જ ખરે !

ઊગતાં લીલા ઘાસ વિચારો , જ્યાં પણ દઇએ અમે ,
વિચારમાં છો વારિ તમે , સાચું એ જ ખરે !
સુગંધ ચારેકોર ગયા જ્યાં , કાર્ય લઇને અમે !

ધુમ્મસ ચીરી ગાઢ રાત્રિનું કિરણ પહોંચ્યું'તુ ખરે ,
કરીએ પ્રભુનું કામ લઇને , નામ તમારું અમે ;
તેજ કિરણનું , ગતિ તમે , સાચું એ જ ખરે !
સુગંધ ચારેકોર ગયા જ્યાં , કાર્ય લઇને અમે !

વંદન કરીએ શબ્દ દઇને , કામ કરીશું અમે ,
શબ્દ અમારા બળ છો તમે , સાચું એ જ ખરે !
સુગંધ ચારેકોર ગયા જ્યાં , કાર્ય લઇને અમે !

Visit Website : https://www.PDFSeva.Net

# ચાલો જાણી લઇએ !

થવા કૃતજ્ઞી , ત્રિકાળ - સંધ્યા , ચાલો જાણી લઇએ ,
પ્રભુ - સ્પર્શના સ્પંદન માંહ્યલી , મધુરપ માણી લઈએ !

રોજ સવારે ચેતન અર્પી, આવી કોણ જગાડે ?
ભૂલાયેલું યાદ કરાવી , દિનભર કોણ રમાડે ?
કોણ જલાવે દીપ નયનના , ચાલો જાણી લઈએ !
... પ્રભુ.

રોમ - રોમમાં રક્ત સ્વરૂપે , શક્તિ કોણ વહાવે ?
હૈયામાં રણઝણતી હરદમ , સિતાર કોણ બજાવે ?
કાયાની નગરીનો રાજા , ચાલો જાણી લઈએ !
... પ્રભુ.
સાંજ પડે ને શાંતિ ઝંખે , વ્યાકુળ મનની પાંખો ,
જીવનનો વ્યવહાર વિસારી , ઢળવા ચાહે આંખો ;
કોણ મસ્તકે કર પસવારે , ચાલો જાણી લઇએ !
... પ્રભુ .
‘ પાંડુરંગે ” પ્રભુ - મિલનની , ચાવી શોધી આપી ,
વેદ – વિચારે ગૂંથેલી , જીવનની સમજણ આપી ;
‘ પાંડુરંગ ' પિછાણે એને , ચાલો જાણી લઇએ !
... પ્રભુ .

# તમે આકાશી સૂરજનો ઝળહળ અવતાર.

તમે આકાશી સૂરજનો ઝળહળ અવતાર...
અમે પાછલી તે રાતના તારા...
તમે દરિયાની સમજણનો ઘેરો વિસ્તાર,
અમે આ છેરી ઝરણાની ધારા...
તમે શબ્દોમાં પોઢેલો મખમલીયો અર્થ,...
અમે પ્રશ્નો, ઉદગાર ને વિરામ...
તમે પળવાર પહોંચવાનો સીધો રસ્તો,
અમે રસ્તામાં આવતા મુકામ...
તમે કાગળ પર લાગણીની ખળખળતી ધાર,
અમે હાંસિયાના જાણે કિનારા...
તમે ચંદનના ઝાડવેથી ઝરતી સુગંધ,
અમે સુક્કા તે બાવળની ડાળ...
તમે આભ લગી જાવાની ઉંચી કેડી,
અમે કેડીનો ઉતરતો ઢાળ...
તમે બાગના એ ફૂલોનો જાણે શણગાર,
અમે માટીના કૂંડા ને ક્યારા...
તમે શ્રધ્ધાની ઝળહળતી સોનેરી જ્યોત,
અમે કોડિયામાં અંધારું ઘોર...
તમે શબરીના હોઠ પર મલકાતું નામ,
અમે શબરીના ચાખેલા બોર...
તમે મંદિરની સન્મુખ છો ઝાલર રણકાર,
અમે દૂર રહી વાગતા નગારા...

credit: Sat Vichar Darshan

Visit Website : https://www.PDFSeva.Net